## અરવલ્લીની ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલમાં શાળા પંચાયતની ચુંટણી ઉત્સાહ પૂર્વક યોજાઈ હતી





શ્રી ધનસુરા કેળવણી મંડળ ધનસુરા સંચાલિત શ્રી.આર.એસ.વી.જી પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ માં શાળા પંચાયત ની ચુંટણી ઉત્સાહ પૂર્વક યોજાઈ હતી.ચુંટણી કેવી રીતે યોજાય છે. અને મતદાન ના મહત્વ ની માહિતી માટે આ કાર્યક્રમ યોજાયો હતો. ઈ.વી.એમ ધ્વારા શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી શાળાના શિક્ષક બી.સી.નિનામા દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરી ઈ.વી.એમ મશીન તૈયાર કરવામાં આવેલ શાળાની વિદ્યાર્થીનીઓને ચૂંટણી કેવી રીતે યોજાય છે પ્રત્યેક મત નું કેટલું મહત્વ છે વગેરેની માહિતી મળી રહે તે હેતુથી શાળામાં ઉમેદવારી ફોર્મ ભરવા,પ્રચાર કરવો બુથ બનાવવા મતકુટીર ઈ.વી.એમ વગેરે પદ્ધતિ દ્વારા ચૂંટણીનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર શાળા ટીમે ઉત્સાહ પૂર્વક ચૂંટણી સંપન્ન કરાવી હતી જેમાં પ્રમુખ ઉપપ્રમુખ તરીકેની ચૂંટણીમાં ધોરણ ૧૨ ની ૪ વિદ્યાર્થિની ઓએ અને ધોરણ ૧૦ ની ૫ વિદ્યાર્થીનીઓએ ઉમેદવારી નોંધાવી હતી જેમાં પ્રમુખ તરીકે ચૌહાણ ક્રિષ્ના શરદભાઈ અને ઉપપ્રમુખ તરીકે લુહાર અલ્વીરા ઈમ્તિયાઝભાઈ ચૂંટાઈ આવ્યા હતા જે બદલ શાળા પરિવાર અને ધનસુરા કેળવણી મંડળ એ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજ કોલેજ ખાતે દેશભકિત અને શૈર્ય ગીતોનો કાર્યક્રમ યોજાયો




સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ એમસીદેસાઇ કોલેજ સંકુલ ખાતે દેશભકિત અને શૌર્યગીતોનો કાર્યક્રમ યોજાયો। દેશની આઝાદીના ૭૪ વર્ષ પૂર્ણ થતા દેશભરમા આઝાદીકા અમૃત મહોત્સવ ની ઉજવણી થઈ રહીછે તે અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર ના આર્થિક સહયોગ થી કિંજલ એજ્યુકેશન પ્રોગ્રામ સોસાયટી દ્વારા પ્રાંતિજ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે દેશભકિત અને શૈર્ય ગીતોના કાર્યક્રમ યોજાયો હતો જેમા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ના સભ્ય સચીવ પી.જી.પટેલ, તાલુકા પંચાયત મહિલા પ્રમુખ વર્ષાબેન મકવાણા, નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા સહિત ના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધાનેરા નગરપાલિકા સ્વચ્છતામાં નંબર વન ફક્ત કાગળો ઉપર : ગટરો કચરાથી ભરાયેલ જોવા મળે છે



ધાનેરા નગરપાલિકા ધાનેરા માં સ્વછતાના બણગાં ફૂંકી રયું છે અને ધાનેરા નંબર વન કહેવાની વાતો કરી રયું છે. જયારે હકીકત મા શહેર મા ઠેર ઠેર કચરાના ઢગલા જોવા માળી રયા છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,મોટી મોટી ગટર લાઈનો પણ કચરાથી ભરાયેલ જોવા મળી રહી છે. ઠેર-ઠેર ગટરો ઉભરાઈ રહી છે.ચોમાસુ હોવાથી મોટી ગટરોની સફાઈ કરાવવી જરૂરી છે. પરંતુ ધાનેરા નગરપાલિકા મા બેઠેલા એસ.આઈ કર્મચારી ભ્રષ્ટ્રાચાર કરી બીલો બનાવવા મા મશગુલ જોવા મળી રહ્યા છે? અને પોતાની કોઈ જવાબદારી નથી શું? ધાનેરા સરકાર શ્રી ની ગ્રાન્ટો આવે છે પણ ક્યા વાપરવામાં આવી રહી છે. તે લોકો માં ચર્ચા નો વિષય બન્યો છે જો આવુ જ ચાલશે તો ચોમાસા મા ગટરો ઉભરાતા પાણી નો નિકાલ થશે નહિ અને ગામ મા ગંદકી રોગચાળો વધી શકે છે તો તાકીદે ચીફ ઓફિસર આ બાબતે ધ્યાંન દોરી ધાનેરા માં સ્વછતા ના નિયમોનું કર્મચારીઓ પાસે પાલન કરાવે અને લોકો ને પડતી મુશ્કેલી દૂર કરાવે તેવી ધાનેરા ના લોકો ની માંગ છે.

## ધાનેરામાં ગુરુપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી



ધાનેરામાં આવેલ સકસેસ સ્કૂલ માં ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂજન વિધિ સ્વાગત ગીત વકૃત્વ સ્પર્ધા ચિત્ર સ્પર્ધા તેમજ ક્વિઝ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે,વિદ્યાર્થીઓ દ્વારા ગુરુજનનું પૂજન કરી પ્રસાદ વિતરણ અને ભેટ આપવામાં આવી હતી. શાળાના એમ. ડી સર શ્રી હાર્દિક ભાઈ એ ગુરુપૂર્ણિમાના પર્વનું મહત્વ આધ્યાત્મિક અને વ્યવહારિક જીવનમાં પણ કેટલું છે. તેના પર પ્રકાશ પાડયો હતો અને અંતે ગુરુના પગે પડીએ તે જરૂરી છે પણ તેના કરતા પણ વધારેમાં ગુરુના પગલે ચાલીએ અને પોતાના જીવનને શિક્ષણ આધ્યાત્મિક સામાજિક અને દરેક ક્ષેત્રમાં નામના મેળવીએ તેવી શુભકામનાઓ પાઠવી હતી પર્વના અંતે શાળાના આચાર્યશ્રીએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું હતું અને પર્વને સફળ બનાવનાર તમામ સ્કૂલના ગુરુજનો સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ૬૦ દિવસમાં વિના મૂલ્ય કોરોના પ્રિકોશન ડોઝની કામગીરી પૂર્ણ કરાશે

# સાબરકાંઠામાં ૧૮ થી ૫૯ વયના ૭.૮૨ લાખ લોકોને પ્રિકોશન ડોઝ આપવાનું શરુ

બાયડ બ્યુરો ઓફિસ), તા.૧૬

સાબરકાંઠા જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વય ધરાવતા લોકોને શુક્રવારથી વિના મૂલ્ય પ્રિકોશન ડોઝ આપવાની કામગીરી શરુ કરવામાં આવી છે. ૦ દિવસમાં જિલ્લાના ૭,૮૨,૪૬ લોકોને વિના મૂલ્ય પ્રિકોશન ડોઝ આપવાની શરુઆત કરવામાં આવતાં જિલ્લાના ૪૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧૩ સામૂહીક આરોગ્ય કેન્દ્રો તેમજ હિંમતનગર સ્થિત મેડીકલ કોલેજમાં રસીની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાની મહામારી સમયે પ્રથમ અને બીજો ડોઝ લેનાર લોકોનું મફત રસીકરણ થયું હતું. પરંતુ રસીકરણના ૯ મહિના પછી પ્રિકોશન ડોઝ માટે હેલ્થ વર્કર તેમજ ફ્રન્ટલાઈનર વર્કરોને વિના મૂલ્ય રસી આપવામાં આવી જેમાં ૧૮ થી ૧૯ વર્ષની વયના લોકોને ખાનગી હોસ્પિટલમાં રુ ૩૮૦ ખર્ચી પ્રિકોશન ડોઝ લેવો પડતો હતો પરંતુ હવે સરકાર દ્વારા ઉપરોક્ત વયના તમામ લોકોને મફત પ્રિકોશન ડોઝ આપવાની જાહેરાત કરવામાં આવી છે જેમાં સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૫ જુલાઈથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને હિંમતનગરની સરકારી મેડીકલ કોલેજ ખાતે ૧૮ થી ૫૯ વર્ષની વયના તમામ લોકોને



પ્રિકોશન ડોઝ આપવાની શરુઆત કરવામાં આવી છે. સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૧૫ જુલાઈ થી ૭૫ દિવસ માટે વિના મૂલ્ય ડોઝ આપવાની જાહેરાત કરાઈ છે જેમાં સાબરકાંઠાના હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, પોશીના અને ખેડબ્રહ્મા તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોના બે ડોઝ લેનાર કુલ-૭,૮૨,૪૬૬ લોકોને માત્ર ૬૦ દિવસમાં જ પ્રિકોશન ડોઝ આપવાનો લક્ષ્યાંક નક્કી કરી કામગીરી શરુ કરવામાં આવી છે જેમાં આગામી સમયમાં દરેક ગામડામાં પ્રિકોશન ડોઝની સુવિધા ઉભી કરવા માટે તંત્ર કામે લાગ્યું છે. પ્રિકોશન ડોઝ માટે અત્યાર સુધી પૈસા ખર્ચવા પડતા હતા પરંતુ હવે સરકાર દ્વારા વિનામૂલ્ય કોરોના પ્રિકોશન ડોઝ આપવાની શરુઆત કરવામાં આવી છે જેથી પ્રજામાં જેથી આરોગ્ય વિભાગને લક્ષ્યાંક પૂર્ણ કરવામાં સફળતા મળવાની સંભાવના છે.

### જિલ્લામાં ચોમાસાની સીઝનમાં જી.પી.એસ. સીસ્ટમથી એસ.ટી.નો સજ્જ કંટ્રોલરૂમ એલર્ટ

# એસ.ટી.ના રુટ પર નદી, નાળાં ભયજનક હોય તો ડ્રાયવરને અપાતી સૂચના : ૫૫૬ એસ.ટી. બસોનું કરાતું ટ્રેસીંગ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

હિંમતનગર એસ.ટી. ડીવીઝન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસાની સીઝનને ધ્યાનમાં રાખી છેલ્લા ૧૫ દિવસથી જી.પી.એસ. સીસ્ટમથી સજ્જ કંટ્રોલ રૂમ એલર્ટ કરવામાં આવ્યો છે. ખાસ હેલ્પલાઈન નંબર જાહેર કરવાની સાથે એસ.ટી.ના રૂટમાં નદી, નાળાં ભયજનક વહેતાં હોય તો ડ્રાયવરને બસ થોભાવી દેવાની સૂચના અપાઈ રહી છે. જિલ્લા એસ.ટી. વિભાગ દ્વારા હાલ ૫૫૬ એસ.ટી. બસનું જી.પી.એસ. કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમથી ટ્રેસીંગ થઈ રહ્યું છે.

ચોમાસામાં ધોધમાર વરસાદ સમયે એસ.ટી. રુટના નાનાં નાળાં તેમજ ડીપ ઉપર ભયજનક રીતે પાણીનો પ્રવાહ વહેતો થતો હોય છે જેથી ડેપોમાંથી ઉપડેલી એસ.ટી. બસનાં મુસાફરો રસ્તામાં અટવાતાં હોય છે. જ્યારે ક્યારેક નદી, નાળામાં પૂરની સ્થિતિ હોય તે સમયે મુસાફરો તો ઠીક પરંતુ એસ.ટી. બસના ડ્રાઈવર-કંડક્ટર મુશ્કેલીમાં મૂકાતા હોય છે જેથી એસ.ટી. વિભાગ દ્વારા ચોમાસામાં ખાસ કંટ્રોલ રૂમ શરુ કરાતો હોય છે. હિંમતનગર એસ.ટી. ડીવીઝનની ૫૫૬ એસ.ટી. બસોમાં અગાઉથી જી.પી.એસ. સીસ્ટમ કાર્યરત હોવાના કારણે હવે ચોમાસામાં તેનું ખાસ મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. એસ.ટી. વિભાગ દ્વારા ૦૨૭૭૨ ૨૨૮૩૧૫ હેલ્પલાઈન નંબર શરુ કરવામાં આવ્યું છે. જેમાં એસ.ટી.ના ડ્રાઈવર-કંડક્ટરની સાથે મુસાફરો પણ સંપર્ક કરી શકે છે. વિભાગ દ્વારા ચોમાસાની સ્થિતિમાં ખાસ શરુ કરવામાં આવેલ કંટ્રોલ રૂમમાં ફરજ ઉપર ખાસ કર્મચારીની નિમણૂંક કરી એસ.ટી. રૂટ ઉપર નજર રાખવામાં આવી રહી છે. જેમાં એસ.ટી.ના રૂટ ઉપર નદી, નાળાં જોખમી રીતે વહેતાં હોય તે સમયે જે તે સ્થળની સ્થિતિનો ચિતાર મેળવી કંટ્રોલ રૂમથી ડ્રાઈવરને બસ થોભાવી દેવા માટે સૂચના આપવામાં આવતી હોય છે. સલામત સવારી ગણાતી એસ.ટી. બસના મુસાફરોને સુરક્ષિત રાખવા માટે જિલ્લામાં જોખમી ગણાતા નદી, નાળા ઉપર જી.પી.એસ. સીસ્ટમના માધ્યમથી ખાસ નજર રાખવામાં આવી રહી છે. જિલ્લામાં હિંમતનગર એસ.ટી. ડીવીઝન તાબાના બાયડ, મોડાસા, ભિલોડા, હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા સહિતના એસ.ટી. ડેપોની કાયમી રૂટની એસ.ટી. બસ જી.પી.એસ. સીસ્ટમથી સજ્જ હોવાના કારણે વરસતા વરસાદમાં ખાસ કંટ્રોલ રૂમ દ્વારા મુસાફરોની સલામતી ખાતર રૂટની સ્થિતિ ઉપર તકેદારી રાખવામાં આવી રહી છે.

# બાયડ તાલુકાના જીતપુર-આંબલિયારા વિસ્તારમાં ધીમીધારે દોઢ ઈંચ વરસાદ

### વરસતા વરસાદમાં બાળકોનાં છબછબીયાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

બાયડ તાલુકાના



જીતપુર-આંબલિયારા વિસ્તારમાં સમી સાંજે ધીમી ધારે દોઢ ઈંચ વરસાદ વરસતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી છે. શાળા છૂટવા સમયે વરસાદ વરસતાં બાળકોનાં છબછબીયાં જોવા મળ્યાં હતાં. બાયડ તાલુકામાં આ વર્ષે મોસમનો સરેરાશ ૨૨૧ મિમી વરસાદ વરસ્યો છે. ઓછા વરસાદથી તળાવ અને ચેકડેમમાં પાણીની આવક નોંધાઈ નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ચોમાસુ બરાબર જામ્યું છે. એક સમય એવો હતો કે સમગ્ર જિલ્લામાં



બાયડ તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાતો હતો પરંતુ વૃક્ષછેદનની પ્રવૃત્તિએ માઝા મૂક્યા પછી તાલુકાના પર્યાવરણને હાનિ પહોંચી હતી અને છેલ્લા ૩ વર્ષથી સતત વરસાદમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ વર્ષે અત્યાર સુધીમાં મોસમનો માત્ર ૨૫ ટકા વરસાદ નોંધાયો છે. દરરોજ બાયડ તાલુકાના આકાશમાં કાળા ડીબાંગ વાદળોની જમાવટ જોવા મળે છે પરંતુ મન મૂકીને વરસતાં નથી. શુક્રવારે સમી સાંજે બાયડ તાલુકાના પશ્ચિમ ગાળાના ભૂડાસણ, તેનપુર, ઉંટરડા, લીંબ, ચાંદરેજ, વજેપુરાકંપા, જીતપુર, જંત્રાકંપા સહિતના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ વરસવાની શરૂઆત થઈ હતી જેમાં જીતપુર અને આંબલિયારા વરસાદમાં દોઢ ઈંચ વરસાદ વરસતાં ખેતીને વધુ ફાયદો થશે તેમ ખેડૂતો જણાવી રહ્યા છે.

# પ્રાંતિજના કેશરપુરા સરપંચને માર મારતા સારવાર હેઠળ ખસેડાયા

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કેશરપુરા ખાતે પુત્ર સાથે ઝગડો કરનાર ઈસમો ને ઠપકો આપવા ગયેલ સરપંચ ને લાકડાના ડંડા થી તથા ગડદાપાટુ નો માર મારતા સરપંચ ને ઈજાઓ પહોચતા હિંમતનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા. પ્રાંતિજના કેશરપુરા ખાતે રહેતા વિક્રમસિંહ વદનસિંહ ઝાલા કેશરપુરા ગામના સરપંચ કે જેવો ના દિકરો યુવરાજસિંહ સાથે ગામનાજ ઈસમો સાથે ઝગડો થયો હતો અને એ બાબત ને લઈ ને સરપંચ દ્વારા ઠપકો આપવા જતા આકાશસિંહ ચૌહાણ પોતાના હાથમા લાકડાનો ડંડો લઈ આવી સરપંચ વિક્રમસિંહ ઝાલા ને ડાબી બાજુ પેટના ભાગે ગોદો મારી ઈજા કરી તથા બકુસિંહ ચૌહાણ બરડાના ભાગે લાતમારી હતી તો અજીતસિંહ ચૌહાણ તથા દિલુસિંહ ચૌહાણ ને ગડાદાપાટુનો મારમાર્યો હતો તો અરવિંદસિંહ ચૌહાણ , ભરતસિંહ ચૌહાણ, સુભાષસિંહ ચૌહાણ, વનરાજસિંહ ચૌહાણ, દિપસિહ ચૌહાણ, ભરતસિંહ ચૌહાણ, રોહિતસિંહ ચૌહાણ , ભીખુસિંહ ચૌહાણ, લાલસિંહ ચૌહાણ, જગતસિંહ ચૌહાણ દ્વારા એકસંપ થઈ આવી ને ગાળો-બોલી સરપંચ વિક્રમસિંહ સાથે ઝપાઝપી કરી ગડાદાપાટુનો મારમારી કહેતા હતા કે હજુતો તને સરપંચ માં છ મહિના તો થયેલ નથી અને છ મહિના થતા પહેલા તને ઘર ભેગો કરી દઈશુ તો સરપંચ વિક્રમસિંહ ને શરીરે ઈજાઓ પહોચતા તેવોને હિંમતનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો સારવાર બાદ સરપંચ વિક્રમસિંહ વદનસિંહ ઝાલા ઉ.વર્ષ-૫૦ તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા આકાશસિંહ આદરસિંહ ચૌહાણ, બકુસિંહ કાળુસિંહ ચૌહાણ , અજીતસિંહ આદરસિંહ ચૌહાણ, દિલુસિંહ લાલસિંહ ચૌહાણ , અરવિંદસિંહ વકતુસિંહ ચૌહાણ , ભરતસિંહ રૂપસિંહ ચૌહાણ , સુભાષસિંહ રૂપસિંહ ચૌહાણ , વનરાજસિંહ તખતસિંહ ચૌહાણ, દિપસિહ કેદારસિંહ ચૌહાણ , ભરતસિંહ મથુરસિંહ ચૌહાણ , રોહિતસિંહ મથુરસિંહ ચૌહાણ , ભીખુસિંહ દિલુસિંહ ચૌહાણ , લાલસિંહ હિંમતસિંહ ચૌહાણ , જગતસિંહ હાલુસિંહ ચૌહાણ તમામે-તમામ રહે.કેશરપુરા તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા વિરૂધ્ધ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯,૩૨૩,૫૦૪ જઈ.પી. એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુનોનોંધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એસ.જે.ગોસ્વામી દ્વારા હાથધરી હતી.

## "હિન્દૂ સંસ્કૃતિની ઉપેક્ષા ખુદ હિંદુઓ જ કરી રહ્યા છે"

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૧૬

હિન્દૂ સંસ્કૃતિ આદિ અનાદિ કાળથી ચાલી આવે છે, જે સત્ય છે સનાતન છે તેવી તમામ હકીકતોથી સમૃદ્ધ એવી આ ભારતીય હિન્દૂ સંસ્કૃતિ છે!! સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, વાયુ, અગ્નિ, જળ, નદી, પર્વત, આકાશને ભલા કોણ મિટાવી શકે?? જે ખુદ ઈશ્વરની રચના છે તે સનાતન છે અને તેની આસપાસ રહેલી કે પરોવાયેલી આપણી આ વૈદિક સંસ્કૃતિ છે.... મંદિરો તો મનુષ્યએ બનાવ્યા તો કોઈ વિધર્મીએ આવીને મંદિરને નષ્ટ કર્યા અથવા ખંડિત કર્યા એટલે શું હિન્દૂ સંસ્કૃતિ નષ્ટ થઈ જશે?? તેવું માનવાવાળા તમામ હિંદુઓ કે વિધર્મીઓ સૌ કોઈ ખોટા છે!! હિન્દૂ સંસ્કૃતિ એટલે કે હિન્દુઓનું આચરણ અને સામાજિક તેમજ વ્યવહરિક જીવન!! આ વાત બદલાવી ના જોઈએ તો હિન્દૂ સંસ્કૃતિ ચોક્કસ હજુ પણ દીર્ઘકાળ સુધી ટકી રહેશે...

હિન્દૂ સંસ્કૃતિને ઉજાગર કરતા મંદિરો મુસ્લિમો દ્વારા ખંડિત કરાયા અથવા તોડી નાખવામાં આવ્યા, ઈસાઈઓ દ્વારા હિન્દૂ શિક્ષણ વ્યવસ્થા ઉપર પ્રહાર થયા જેથી હિન્દૂ સંસ્કૃતિ ખંડિત જરૂર થઈ છે પણ નષ્ટ નથી થઈ... હિન્દૂ અને હિન્દુત્વ ત્યારે જ નષ્ટ થશે જ્યારે તે આપણા આચરણથી લુપ્ત થઈ જશે!! હિંદુત્વને લુપ્ત કરવાની તાકાત ઈસાઈઓ કે મુસ્લિમોમાં તો નથી જ પણ તે કામ ખુદ હિંદુઓ કરી રહ્યા છે... હિન્દૂ સૂર્યને માને છે તો કોઈની તાકાત છે કે સૂર્યને ઢાંકી શકે?? હિન્દૂ વાયુને દેવ માને છે તો કોઈની તાકાત છે તે વાયુને કાબુમાં લઈ શકે?? હિન્દૂ જળ અને અગ્નિને પણ દેવ માને છે તો છે કોઈની તાકાત કે અગ્નિને હાથમાં લઈ લે તથા જલને સુકાવી દે? નહિ ને?? એમાં કોઈજ શંકા જ નથી, હિંદૂ અને હિન્દુત્વ કાયમ રહેશે કારણકે હિંદૂ ઈશ્વરની રચનાની પૂજા કરે છે!!

હા, હિન્દુત્વ ઉપર જોખમ તો ખુદ હિન્દૂઓના આચરણનું રહેલું છે. સમાજમાંથી હિન્દૂ રીત-રિવાજો, તહેવારો, રહેણીકરણી, ખાણીપીણી, પહેરણ, આભૂષણ, શ્રુગાર લુપ્ત થઈ રહ્યા છે તેનું ભારોભર દુ:ખ છે અને તેના લીધે આવનાર પેઢી હિન્દુત્વ જરૂર ગુમાવી શકે છે!! હિન્દૂ યુવકને કપાળે તિલક લગાવવામાં તેમજ હિન્દૂ સ્ત્રીને કપાળે ચાંદલો કરવામાં લજ્જા થાય છે, હિન્દુઓને મંદિરે જવાનો સમય નથી... હિંદુઓને એકાદશીના ઉપવાસમાં વિશ્વાસ નથી જ્યારે મુસ્લિમ એક આખો મહિનો રોજા જરૂર રાખે છે!! હિન્દૂ પુરુષને મર્દાન્ગીની મૂછ રાખવી ગમતી નથી પણ મુસ્લિમ પુરુષ દાઢી રાખવામાં ગૌરવ લે છે... હિન્દુ પુરુષને ધોતી કુરતો ગમતો નથી, માથે પાઘડી પહેરવી નથી પણ મુસ્લિમ પુરુષ વટથી આરબ-ફારસી ડ્રેસ પહેરીને ખુશ થાય છે... હિન્દૂ સ્ત્રીને કંગન પહેરવા ગમતા નથી, પાંચ મિટરની સાડી અને પાંચ મીટરનો ઘાઘરો પહેરતી હિન્દૂ સ્ત્રી આજે અડધા કે એક મીટરના કાપડમાં પોતાનું તન બદન અર્ધું ખુલ્લું અર્ધું ઢાકેલું પહેરીને મોઝ લે છે તો હિન્દૂ સંસ્કૃતિ ક્યાંથી ટકશે? કોઈ મુસ્લિમ કે ઈસાઈ સામે ચાલીને હિન્દુઓને આવું આચરણ કરતા રોકતા હોય તો બતાવો??

કપાળે તિલક વગરનો અને મૂછ વગરનો યુવાન તેમજ ટૂંકી ચડ્ડી અને ૭૦% ખુલ્લું બદન લઈને બજારમાં ફરતી યુવતીઓના મોઢે હિન્દુત્વની વાતો શોભતી નથી... વિદેશી પહેરણથી લઈને ખાણીપીણી દરેક આચરણમાં હિંદુઓએ કોઈના દબાણ કે ધમકી વગર સ્વેચ્છાએ પોતાના જીવનમાં વણી લીધું છે.... અરે, વિધર્મીઓ આપણા મંદિરો તોડી શકે છે અથવા શિક્ષણ બદલી શકે છે પરંતુ તેનાથી હિન્દુત્વ મરવાનું નથી... હિન્દુત્વ તો આચરણથી મરી શકે છે જે આજનો નફ્ફટ હિંદૂ સમાજ આચરણ કરી રહ્યો છે... આજનો એકેય યુવાન ભારતીય પોષાકમાં શોભતા વિવેકાનંદ જેટલો હેન્ડસમ કે સ્માર્ટ નથી, તો ફેશન અને પશ્ચિમી સભ્યતામાં ગળાડૂબ થયેલી એકપણ યુવતી પ્રાચીન પોશાકમાં શોભતી ભારતીય મહીલાઓ સીતા કે દ્રૌપદી જેટલી સ્વરૂપવાન નથી.... કોણ કહે છે કે ભારતીય પોશાકમાં તમે રૂપાળા ના લાગી શકો??? હિન્દુત્વ જો કોઈ નષ્ટ કરશે તો તે હિંદુઓ જ હશે, બાકી વિધર્મીઓની કોઈ તાકાત નથી કે તે હિન્દુને ભૂંસી શકે!!! હિન્દુત્વ એ ઈશ્વરની રચના છે જ્યારે મંદિર કે મસ્જિદ એ મનુષ્યની રચના, ઈશ્વરની રચના મરતી નથી તે આપણે ના ભૂલવું જોઈએ!!

# ગુજરાતમાં કોંગ્રેસ ૨૭ વર્ષના વનવાસ માટે મધુસુદન મિસ્ત્રી જવાબદાર કોંગ્રેસના પીઢ કાર્યકરે કર્યો આક્ષેપ

**પક્ષે તાબડતોડ સસ્પેન્ડ કર્યો : અરવલ્લી જીલ્લાના પીઢ કાર્યકર દશરથ વણકરે AICC ના સભ્ય મધુસુદન મિસ્ત્રી અને જીલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહ સામે અનેક આક્ષેપ કર્યા : કોંગ્રેસે જીઝ મોરચાના પ્રમુખમાં નિમણુંક ન કરતા દશરથ વણકરે ખોટા આક્ષેપ કરી બદનામી કરતા સસ્પેન્ડ કર્યા : કોંગ્રેસ માટે જાત ઘસી નાખનાર કાર્યકરના આક્ષેપથી જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો : અરવલ્લી જીલ્લા કોંગ્રેસમાં જૂથવાદ અને સગાવાદ ચાલતો હોવાની સાથે અંગત સ્વાર્થ માટે પક્ષના નિયમોને કોરાણે મુકવામાં આવતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું**

મોડાસા, તા. ૧૬

ગુજરાતમાં કોંગ્રેસ સતત તૂટી રહી છે કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો તેમના ટેકેદારો સાથે કેસરિયો ધારણ કરી ચુક્યા છે તો કેટલાક કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો આમ આદમી પાર્ટી સાથે જોડાઈ ચુક્યા છે કોંગ્રેસની ટોચની નેતાગીરી પક્ષના પાયાના કાર્યકરોની સતત અવગણા કરતી હોવાની સતત બૂમો ઉઠી રહી છે ત્યારે અરવલ્લી જીલ્લાના કોંગ્રેસના પીઢ અગ્રણી કાર્યકર દશરથ વણકરે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના સદસ્ય અને પૂર્વ સાબરકાંઠા સાંસદ મધુસુદન મિસ્ત્રી સામે સનસનાટી ભર્યા આક્ષેપ કરી ગુજરાતમાં કોંગ્રેસ ૨૭ વર્ષથી સત્તા વિહોણી હોવાનું એક તેમની દખલગીરી અને કામગીરી હોવાનું મીડિયા સમક્ષ જણાવ્યું હતું

દશરથ વણકરે વધુમાં જણાવ્યું હતું કે અરવલ્લી જીલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહ





અને મધુસુદન મિસ્ત્રી તેમની મનમાની ચલાવી રહ્યા છે અને તેમની જોહુકમી ચલાવતા હોવાથી આગામી વિધાનસભામાં કોંગ્રેસને ભારે ફટકો પડી શકે છે અને તેમને ખુલ્લી ચેલેન્જ આપી હતી કે આગામી વિધાનસભામાં જીતીને બતાવે તો ખરાપ?? તેમજ કોંગ્રેસના કાર્યકર્તાઓ સામે ઉદ્ધતાઈ પૂર્વક આક્ષેપ કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરતા સ્થાનિક રાજકારણમાં ભારે ખળભળાટ મચ્યો હતો

કોંગ્રેસના પીઢ કાર્યકર દશરથ વણકરે કોંગ્રેસના મધુસુદન મિસ્ત્રી અને જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સામે સનસનાટી ભર્યા આક્ષેપ કરતા જીલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહ, અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ શાંતિલાલ વણકર અને કોંગ્રેસના પદાધિકારીઓ હરકતમાં આવ્યા હતા અને મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે જીલ્લા એસસી સેલના પ્રમુખ તરીકે તેમની નિમણુંક ન થતા દશરથ વણકરે આક્ષેપ કરી રહ્યા છે જે તદ્દન પાયાવિહોણા છે જેથી પક્ષને નુકશાન પહોંચ્યું હોવાથી પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની સૂચનાના આધારે તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા છે